




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૩૮ ૨૮ જુલાઈ, ૨૦૨૧, બુધવાર; અષાઢ વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ગૌરવ : ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ

**યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટિના ૪૪મા સત્રમાં નિર્ણય : ગુજરાતમાં અત્યાર સુધી ત્રણ હેરિજેટ સાઈટ્સ હતી, જેમાં પાવાગઢ નજીકના ચાંપાનેર, પાટણની રાણકી વાવ અને અમદાવાદ શહેરનો સમાવેશ થાય છે**







ગાંધીનગર, તા.૨૭

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટિના હાલ ચાલી રહેલા ૪૪મા સત્રમાં કચ્છમાં આવેલા ઐતિહાસિક સ્થળ ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ કરવામાં આવ્યું છે. ધોળાવીરાની સાથે ઈરાનના હવારમાન, જાપાનના જોમોન, જોર્ડરનના અસ-સાલ્ત, અને ફ્રાંસના નીશે પણ રેસમાં હતા. હાલના સત્રમાં તેલંગાણાના રુદ્રેશ્વરા/રામપ્પા મંદિરને પહેલાથી જ વર્લ્ડ હેરિટેજ સાઈટનું સ્ટેટસ આપી દેવાયું છે, જેનું નિર્માણ ૧૩મી સદીમાં થયું હતું. ગુજરાતમાં અત્યાર સુધી કુલ ત્રણ હેરિજેટ સાઈટ્સ હતી, જેમાં પાવાગઢ નજીકના ચાંપાનેર, પાટણની રાણકી વાવ અને અમદાવાદ શહેરનો સમાવેશ થાય છે. રાજ્યની ચોથી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે હવે ધોળાવીરાનો સમાવેશ થયો છે. ધોળાવીરા ઈ.પૂર્વે ૩૦૦૦થી ૧૮૦૦ની વચ્ચે નિર્માણ પામ્યું હોવાની શક્યતા છે. ભારતમાં અત્યારસુધી કોઈ હડપ્પન સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટનું બિરુદ નથી મળ્યું. ધોળાવીરાને શોધનારા પુરાતત્વ ખાતાના પૂર્વ ડિરેક્ટર ડૉ. વાય.એસ. રાવતે જણાવ્યું હતું કે ધોળાવીરા બીજી બધી હડપ્પન સાઈટ્સ કરતાં અલગ છે, જો તેને વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો મળે તો તેનાથી તેની કાયાપલટ થશે. ધોળાવીરાનું ઉત્ખનન કરનારી ટીમની આગેવાની કરનારા પુરાતત્વશાસ્ત્રી ડૉ. આર.એસ. બિષ્ટના જણાવ્યા

● અનુસંધાન પાન-૭ પર

## બાસવરાજ બોમ્માઈ કર્ણાટકના નવા મુખ્યમંત્રી : આજે શપથવિધિ

બેંગ્લોર, તા.૨૭



કર્ણાટક ભાજપ વિધાનસભા પક્ષની મળેલ બેઠકમાં બાસવરાજ બોમ્માઈને નેતા પદે જાહેર કરાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, બાસવરાજ બોમ્માઈ લિંગાયત સમાજનું પ્રતિનિધિત્વ કરે છે. અટલે કે હવે યદુરુયપ્પાના સમાજમાંથી નવા મુખ્યમંત્રી ઘોષિત થતાં કોઈપણ પ્રકારના અસંતોષની શક્યતા નથી. વિધાનસભા પક્ષની બેઠક બાદ કેન્દ્રીય નિરીક્ષક ધર્મેન્દ્ર પ્રધાને વિધિવત જાહેરાત કરતા જણાવ્યું હતું કે, બુધવારે બપોરે નવા મુખ્યમંત્રી બાસવરાજ શપથવિધિ ગ્રહણ કરશે.

## સતત સાતમા દિવસે સંસદ ઠપ્પ

**ભાજપ સંસદીય દળની બેઠકમાં મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું : દેશની સૌથી જૂની પાર્ટી કોંગ્રેસ સદન ચાલવા દેતી નથી કે ચર્ચા પણ થવા દેતી નથી, કોંગ્રેસના આ કામને જનતાની સામે એક્સપોઝ કરો : ૭૫ ગામડાઓમાં ૭૫ કલાક વિતાવવા સાંસદોને મોદીએ અનુરોધ કર્યો**

ન્યુ દિલ્હી,તા.૨૭

૧૯ જુલાઈ એટલે કે સોમવારથી સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું છે. આજે સતત સાતમા દિવસે વિપક્ષના હોબાળા વચ્ચે સંસદની કામગીરી ઠપ્પ રહી હતી તો બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપ સંસદીય દળની બેઠકમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મંગળવારના બીજેપી સંસદીય દળની બેઠકમાં કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસ ના તો સદન ચાલવા દઈ રહી છે અને ના ચર્ચામાં ભાગ લઈ રહી છે. આ સાથે જ તેમણે એ પણ કહ્યું કે, કોવિડ-૧૯ પર જ્યારે બેઠક બોલાવવામાં આવી ત્યારે કોંગ્રેસે બહિષ્કાર પણ કર્યો અને અન્ય દળોને આવતા પણ રોક્યા. બેઠકમાં પીએમ નરેન્દ્ર મોદીએ બીજેપી સાંસદોને સલાહ આપતા કહ્યું કે, વિપક્ષ- ખાસ કરીને કોંગ્રેસના આ કામને જનતાની સામે એક્સપોઝ કરો.

પીએમ મોદીએ સાંસદોને કહ્યું કે, "૧૬ ઓગષ્ટ બાદ તમે તમામ પોત-પોતાના ક્ષેત્રોમાં જાઓ

● અનુસંધાન પાન-૭ પર

## બાળકો માટેની રસી ઓગસ્ટમાં આવી શકે છે : મનસુખ માંડવીયા

**ભારતીય જનતા પાર્ટીની સંસદીય દળની બેઠકમાં આરોગ્યમંત્રીએ રસીકરણ અંગે સાંસદોને માહિતી આપી**

નવી દિલ્હી, તા.૨૭

કોરોના વાયરસની ત્રીજી લહેરના ભય વચ્ચે રાહતનું નિવેદન સામે આવ્યું છે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવીયાના જણાવ્યા અનુસાર ઓગસ્ટ સુધીમાં દેશમાં બાળકો માટે કોરોના રસી આવે તેવી શક્યતા છે. મંગળવારે સંસદ ભવનમાં યોજાયેલી ભારતીય જનતા પાર્ટીની સંસદીય દળની બેઠકમાં આરોગ્યમંત્રીએ રસીકરણ અંગે સાંસદોને માહિતી આપી હતી. દરમિયાન, તેમણે જણાવ્યું હતું કે બાળકો માટે રસી ઓગસ્ટ સુધીમાં આવી શકે છે. કોરોનાની બીજી લહેરની અસર હજુ પણ દેશમાં ચાલી રહી છે અને ત્રીજી લહેર અંગે આશંકાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે, આવી સ્થિતિમાં જો બાળકો માટે રસી આવે તો મોટી રાહત થઈ શકે છે. નોંધનીય છે કે દેશમાં ફક્ત ૧૮ વર્ષથી વધુ ઉંમરના લોકોને રસી આપવામાં આવી રહી છે. કોરોનાની પહેલી લહેરમાં જે પ્રકારે સૌથી વધુ વૃદ્ધોને વાયરસે ટાર્ગેટ બનાવ્યા હતા તેમ બીજી લહેરમાં મોટી સંખ્યામાં યુવાનોમાં અસર જોવા મળી હતી. જેથી નિષ્ણાંતો શંકા વ્યક્ત કરે છે કે ત્રીજી લહેરમાં વાયરસ બાળકોને ટાર્ગેટ બનાવી શકે છે. આમ પણ બીજી લહેરમાં પણ ભૂતકાળના પ્રમાણમાં ઘણા બાળકોને કરોનાની અસર થઈ છે, આવી સ્થિતિમાં, ઘણાં સમયથી બાળકોની રસીની રાહ જોવામાં આવી રહી હતી. દેશમાં વિવિધ સ્તરે બાળકો પર હાલમાં રસીની ટ્રાયલ કરવામાં આવી રહી છે. ભારત બાયોટેકની કોવેક્સીનનું ટ્રાયલ પણ ચાલી રહ્યું છે, જેના અંતિમ પરિણામો ઓગસ્ટ-સપ્ટેમ્બર સુધીમાં અપેક્ષિત છે. આ સિવાય ઝાયડસ કેડિલા દ્વારા બાળકોની રસીની ટ્રાયલ હાલમાં જ પૂર્ણ થઈ ગઈ છે, તેથી તેને ટૂંક સમયમાં મંજૂરી મળી શકે છે. આ સિવાય ફાઈઝર, મોડર્ના જેવી વિદેશી કંપનીઓ પણ ૧૨ થી ૧૭ વર્ષની વયના બાળકો માટે રસીઓ વિકસાવવા પર કામ કરી રહી છે.

## યુપીમાં પવાર,અખિલેશ સાથે મળીને ચૂંટણી લડશે

**એનસીપી અને સમાજવાદી પાર્ટી વચ્ચે જોડાણ થવાની શક્યતા, પવાર અને અખિલેશ વચ્ચે ફોન પર ચર્ચા**

લખનૌ, તા.૨૭

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં આગામી વર્ષે થનારી વિધાનસભા ચૂંટણીઓ માટે રાજકીય પાર્ટીઓ કમર કસી રહી છે. દરેક પક્ષ પોતાના સમીકરણો ગોઠવવામાં વ્યસ્ત છે આ પ્રકારના સંજોગોમાં હવે મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા શરદ પવારની યુપીના રાજકારણમાં એન્ટ્રી થઈ છે. યુપીમાં આ વખતે એનસીપી પણ ચૂંટણી લડે તેવી શક્યતા છે. આ માટે એનસીપી અને સમાજવાદી પાર્ટી વચ્ચે જોડાણ થવાની શક્યતાઓ છે. એનસીપીના રાષ્ટ્રીય મહાસચિવ કે કે શર્માએ એક ન્યૂઝ ચેનલ સાથે વાતચીતમાં કહ્યુ હતુ કે, યુપીમાં અમારી પાર્ટી ચૂંટણી લડશે અને સમાજવાદી પાર્ટી સાથે મળીને ભાજપને હરાવશે. જે પણ પાર્ટી સમાન વિચારધારા ધરાવે છે તેની સાથે અમે જોડાણ કરવાના છે. બેઠકો અંગે જોકે હજી સુધી કોઈ કર્ચા નથી થઈ પણ શરદ પવાર અને અખિલેશ યાદવ વચ્ચે ફોન પર ચર્ચા થઈ ચુકી છે. કે કે શર્માએ કહ્યુ હતુ કે ,યુપીની હાલની સરકાર લોકશાહી માટે ખતરો છે. જે પણ સરકાર સામે અવાજ ઉઠાવે છે તેનો અવાજ દબાવવામાં આવી રહ્યો છે. યુપીમાં લોકો રોજગાર માટે ભટકી રહ્યા છે. લોકોના ઘણા પ્રશ્નોનો ઉકેલ નથી આવ્યો. તેના પર અમારે કામ કરવાનુ છે.

## સીએએ માટે નિયમો બનાવવા વધુ છ મહિનાનો ગૃહ મંત્રાલયે સમય માંગ્યો

ન્યુ દિલ્હી,તા.૨૭

કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા નાગરિકતા સંશોધન એક્ટના નિયમ હજુ તૈયાર થયા નથી. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મંગળવારે સંસદમાં એની જાણકારી આપી, સાથે જ નિયમો બનાવવા માટે વધુ ૬ મહિનાનો સમય માંગ્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક સવાલના જવાબમાં ૯ જાન્યુઆરી ૨૦૨૨ સુધીનો સમય માંગ્યો છે જેથી નાગરિકતા સંશોધન એક્ટ હેઠળ નિયમોને તૈયાર કરી શકાય છે. લોકસભામાં કોંગ્રેસ નેતા ગૌરવ ગોગાઈએ સવાલ પૂછ્યો હતો કે કેન્દ્ર સરકારે સીએએના નિયમોને નોટિફાઈ કરવાની કોઈ અંતિમ તારીખ નક્કી કરી છે. જો હા તો એ ક્યાં છે, અને નહિ શા માટે હજુ સુધી નથી કરવામાં આવી.

આના જવાબમાં ગૃહમંત્રાલયે કહ્યું કે, સીએએને ૧૨.૧૨.૨૦૧૯ના રોજ નોટિફાઈ કરવામાં આવ્યું હતું, ૨૦૨૦માં કાનૂની રૂપમાં લાવવામાં આવ્યું છે. પરંતુ લોકસભા અને રાજ્યસભાની કમિટીઓથી આ કાનૂન હેઠળ નિયમ તૈયાર કરવા માટે જાન્યુઆરી, ૨૦૨૨ સુધીનો સમય માંગવામાં આવ્યો છે.






## ઉજ્જૈનમાં મહાકાલ મંદિરમાં ભીડ બેકાબુ

**મહિલા-બાળકો એકબીજા પર પડ્યા : મંદિરના ગેટ નંબર ૪ ઉપર પ્રવેશ દરમિયાન ધક્કામુક્કી થઈ ગઈ હતી, ધક્કામુક્કીમાં બેરિકેડ નીચે પડી ગયા**

ઉજ્જૈન,તા.૨૭

મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં મહાકાલ મંદિરમાં આજે મંદિરના ગેટ નંબર ચાર ઉપર પ્રવેશ દરમિયાન ધક્કામુક્કી થઈ ગઈ હતી. આ ધક્કામુક્કીમાં



શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી હતી. આ ભીડની સામે થોડો સમય માટે વ્યવસ્થા પણ ડગી ગઈ હતી. બેરિકેડ નીચે ડી ગયા હતા. અને અનેક બાળકો અને મહિલાઓ નીચે પડી ગઈ હતી. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. મહાકાલ મંદિરમાં ગેટ નંબર ૪ ઉપર પ્રવેશ દરમિયાન ધક્કા મુક્કી મચી ગઈ હતી. ઘટનાનો વીડિયો સામે આવ્યો છે. ભક્તોની ભારે ભીડમાં બાળકો અને મહિલાઓની સંખ્યા વધારે છે. ભીડ વધવાના કારણે ધક્કા મુક્કી થવા લાગી હતી. અહીં કોઈ સોશિયલ ડિસન્ટન્સ નહીં અને કોરોના પ્રોટોકોલ ફોલો થતાં દેખાતનું નથી લોકોની ભીડમાં મંદિરમાં પ્રવેશ માટે બેરિકેડ ટૂટી ગયા હતા. ભીડમાં ઊભેલી મહિલાઓ અને બાળકો નીચે પડી ગયા હતા. તેમના ઉપર લોકો ચઢવા લાગ્યા હતા. પરંતુ મંદિર અને પ્રવેશ દ્વાર ઉપર તૈનાત સતર્ક ગાર્ડે તરત જ વ્યવસ્થાને સંભાળી લીધી હતી. અને મોટી અનહોની થતાં બચી ગઈ હતી. આજથી ઠીક ૨૫ વર્ષ પહેલા મહાકાલ મંદિરમાં મોટી દુર્ઘટના ઘટી હતી. ૨૬ જુલાઈ ૧૯૯૬ની સોમવતી અમાસના દિવસે મોટી સંખ્યામાં ભક્તો શ્રદ્ધાળુઓની ભારે ભીડ વચ્ચે ભાગદોડ મચી ગઈ હતી. જેમાં ૩૫થી વધારે લોકોના મોત નીપજ્યા હતા. એ મહાકાલ મંદિરની અત્યાર સુધીની સૌથી મોટી દુર્ઘટના હતી. આજે સમય રહેતા લોકોના જીવ બચાવી લીધા નહીં તો મોટી દુર્ઘટના ઘટી શકે. આજે શ્રાવણ મહિનાનો પહેલો સોમવાર છે બાબા મહાકાલ ભક્તોના હાલચાલ પૂછવા માટે નગર ભ્રમણ ઉપર નીકળ્યા છે. પરંરપરા અનુસાર બાબની સવારી નીકળી હતી. પરંતુ કોરોનાના કારણે આ વખતે ભક્તોનો સમાવેશ થવાની મંજૂરી આપી ન્હોતી. અને આ વખતે મહાકાલની સવારીનો માર્ગ પણ ટૂંકાવી દીધો હતો. મહાકાલેશ્વર મંદિરમાં ભક્તો આજે સવારથી જ બાબાના દર્શન માટે લાઈનમાં લાગ્યા હતા. કોરોના કાળમાં ભસ્મ શયન આરતીમાં શ્રદ્ધાળુઓના પ્રવેશ પર પ્રતિબંધ છે.